# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDMESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **દેશભરના 28 રાજ્યોના ભાગ લઇ રહેલા પાંચસો પચાસ કરતા વધુ મહિલા તિરંદાજોની રાષ્ટ્રીય તિરંદાજી સ્પર્ધાનો શક્તિપીઠ અંબાજી ખાતેથી મુખ્યમંત્રીએ આરંભ કરાવ્યો.**
2. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે વિશ્વ કલ્યાણ માટે નવકાર મંત્રોચ્ચારનો કાર્યક્રમ.**
3. **કોંગ્રેસનુ રાષ્ટ્રીય અધિવેશન આજે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાશે.**
4. **બે દિવસ દરમિયાન રાજ્યભરમાં કાળઝાળ ગરમીની હવામાન વિભાગની આગાહી.**
5. **કચ્છ સરહદે હુમલો કરનારા પાકિસ્તાનને પાઠ ભણાવનારી સીઆરપીએફની ટુકડીની બહાદુરીને યાદ કરતાં શોર્ય દિવસ નિમિત્તે આજે શહિદોને શ્રધ્ધાંજલી અપાશે.**
6. **આઇપીએલમાં આજે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સ અને રાજસ્થાન રોય લ્સ વચ્ચે મુકાબલો.**

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM AMBAJI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શક્તિપીઠ અંબાજીમાં આદિશક્તિ રાષ્ટ્રીય મહિલા તિરંદાજી સ્પર્ધાનો પ્રારંભ કરાવ્યો હતો. રાજ્ય સરકારના રમતગમત , યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ તથા પ્રવાસન વિભાગના સહયોગથી કરાયેલા આ ત્રિ-દિવસીય સ્પર્ધામાં દેશના 28 રાજ્યોની 550થી વધુ યુવા નારી તિરંદાજો ત્રણ કેટેગરીની સ્પર્ધાઓમાં ભાગ લઇ રહી છે. રાજ્ય સરકાર દ્વારા આ સ્પર્ધામાં વિજેતાઓને કુલ 41 લાખ 50 હજાર રૂપિયાના ઇનામો એનાયત કરાશે.

રાજ્યમાં રમત ગમતનું ક્ષેત્ર સતત વિકસે અને તિરંદાજી સહિતની રમતોમાં રાજ્યના ખેલાડીઓ ઓલિમ્પિક્સ- 2036માં ભાગ લઈ શકે તેવી પણ તેમણે નેમ વ્યક્ત કરી હતી.

## બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી

મુખ્યમંત્રીએ અંબાજી ખાતેથી ૨૫ એમ્બ્યુલન્સને લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીએ અંબાજી ખાતે માઁ અંબાના દર્શન કરીને સૌ નાગરિકોની શાંતિ, સમૃદ્ધિ અને સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.

---

# NAVKAR MAHAMANTR DIVAS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે નવકાર મહામંત્ર દિવસની ઉજવણીમાં ભાગ લેશે. નવી દિલ્હીના વિજ્ઞાનભવનથી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલ માધ્યમથી આ કાર્યક્રમમાં જોડાશે. આ કાર્યક્રમમાં ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં જૈન સમાજના લોકો દ્વારા નવકાર મહામંત્રનો જાપ કરાશે. આ દિવસ એ આધ્યાત્મિક સંવાદિતા અને નૈતિક ચેતનાનો સ્રોત છે. નવકાર દિવસ આધ્યાત્મિક શુદ્ધતા , સહિષ્ણુતા અને સૌના કલ્યાણ પર ચિંતન કરવાની પ્રેરણા આપે છે. વૈશ્વિક શાંતિ અને એકતા માટેના આ મંત્રોચ્ચારમાં ૧૦૮થી વધુ દેશોના લોકો જોડાશે.

---

# CM -BHAJAN SANDHYA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં 'આજની ઘડી તે રળિયામણી ભજન સંધ્યા' કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે તેમણે જણાવ્યું કે સંસ્કૃતિનું જતન કરવું એ સૌની જવાબદારી છે. કેચ ધ રેઈન અંગે વાત કરતાં તેમણે કહ્યું કે વરસાદી પાણીના સંગ્રહ માટે સરકારે આ વર્ષે બજેટમાં વિશેષ જોગવાઈ કરી છે . તેમણે લોકોને એક પેડ મા કે નામ , સ્વચ્છ ભારત અને મેદસ્વિતા મુક્ત ભારત જેવા અભિયાનમાં જોડાવા અપીલ કરી હતી.

મુખ્યમંત્રીના હસ્તે શ્રેષ્ઠ ભજન મંડળીઓનું સન્માન કરાયું હતું.આ પ્રસંગે મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે આપણે મનુષ્ય જીવનને આધ્યાત્મ સાથે જોડી રાષ્ટ્રનિર્માણમાં ભાગીદાર થવું જોઈએ . યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં 150 જેટલી ભજન મંડળીના 2500થી વધુ બહેનો જોડાયા હતા.

---

# RUSHIKESH NON AGRICULTURE

રાજ્યમાં નવી, અવિભાજ્ય અને પ્રતિબંધિત સત્તા પ્રકારની જમીનોના બિન ખેતી માટે હવે કોઈ પણ પ્રકારનું પ્રીમિયમ ભરવાનું રહેશે નહીં.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે , ગ્રામ્ય તથા નગરપાલિકા વિસ્તારની ખેતી હેતુ માટેની નવી, અવિભાજ્ય કે પ્રતિબંધિત શરતની જમીનો હવેથી જૂની શરતની ગણાશે.

અન્ય એક મહત્વના નિર્ણય પ્રમાણે, ખેતીની જમીનની વેચાણ નોંધ પ્રમાણિત કરતી વખતે ખેડૂત ખરાઈની ચકાસણીમાં તથા મૂળથી જૂની શરત/ બિનખેતી માટે પ્રિમિયમને પાત્ર હોય તેવી જમીનો માટે બિનખેતીમાં ફેરવવાની અરજદારની અરજી આવે ત્યારે ખેડૂત ખરાઈના હેતુસર અરજીની તારીખથી ૨૫ વર્ષ પહેલાના રેકર્ડને ધ્યાને લેવાનું રહેશે નહીં.

(બાઈટ - ઋષિકેશ પટેલ)

---

# GOVERNOR-SARDHAV KRUSHI SAMMELAN

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ગાંધીનગરના સરઢવ ગામે શ્રી ગોગા મહારાજ ધામના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત આયોજિત કૃષિ સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રાજ્યપાલે પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી સ્વસ્થ અને સમૃદ્ધ ભારતનું નિર્માણ કરવા આહવાન કર્યું હતું.તેમણે કહ્યું કે , ગુજરાત અને ભારતે

સદૈવ સમગ્ર વિશ્વને આધ્યાત્મિક અને માનવીય દિશામાં માર્ગદર્શન આપ્યું છે. આ પ્રસંગે શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડીંડોરે ગ્રામજનોને ગોગા મહારાજ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની શુભકામનાઓ પાઠવી હતી.

---

# CHOTAUDEPUR KHANAN

છોટાઉદેપુર જિલ્લામાં બિનઅધિકૃત રીતે ખનીજ ખનન કરતા 14 વાહનો સીઝ કરાયાં હતા. ભૂસ્તરશાસ્ત્રી છોટાઉદેપુરની ક્ષેત્રિય તપાસ ટીમે અલગ-અલગ તાલુકામાં બિનઅધિકૃત રીતે ખનીજના ખનન ,વહન,સંગ્રહ કરવામાં સંડોવાયેલ વાહનો પકડી સીઝ કરવાની કામગીરી કરવામાં આવી હતી.

એપ્રિલ મહિના દરમ્યાન પ્રથમ અઠવાડીયામાં સાદીરેતી , ડોલોમાઈટ જેવા ખનીજના બિનઅધિકૃત ખનન,વહન,સંગ્રહ બદલ આ વાહનો જપ્ત કરાયાં હતાં

વાહનોના માલિકોને નિયમોનુસાર નોટીસ પાઠવી કુલ 13 લાખ કરતાં વધુની વસૂલાત કરવાની પ્રકિયા હાથ ધરવામાં આવી છે.

---

# CONGRESS MEET

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટના ઇવેન્ટ સેન્ટર ખાતે આજે કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાશે. કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓની ઉપસ્થિતિમાં યોજાનારા

આ અધિવેશનમાં ગુજરાતની અને દેશની વર્તમાન રાજકીય સ્થિતિ તેમજ કોંગ્રેસને મજબૂત બનાવવા જેવા મુદ્દાઓ ઉપર ચર્ચા હાથ ધરાશે.

જ્યારે ગઇકાલે શાહિબાગ સ્થિત સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક ખાતે કોંગ્રેસ કાર્યકારીણી સમિતિની વિસ્તૃત બેઠક યોજાઇ હતી. જેમાં કોંગ્રેસના પનુર્ગઠન અંગે ચર્ચા કરવામાં આવી હતી. તેમજ સરદાર પટેલ અંગેનો એક વિશેષ ઠરાવ પસાર કરાયો હતો. આ બેઠકમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી સહિતના ટોચના નેતાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

---

# CHIDAMBARAM HOSPITALISED

દેશના પૂર્વ નાણાં મંત્રી અને કોંગ્રેસના નેતા પી. ચિદમ્બરમની તબિયત નાદુરસ્ત થતા અમદાવાદ સ્થિત હોસ્પિટલમાં દાખલ કરાયા છે. પી. ચિદમ્બરમની તબિયત સારી નહીં હોવાના સમાચાર જાણીને રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે તેમની હોસ્પિટલ પહોંચીને મુલાકાત લઈ ખબર અંતર પુછ્યા હતા. આરોગ્ય મંત્રીએ સોશિયલ મીડિયા પોસ્ટ Xના માધ્યમથી જાણકારી આપતાં કહ્યું કે , હાલ તેમની સ્વાસ્થ્ય સ્થિતિ સારી છે તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે તેમણે શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

---

# WEATHER

હવામાન વિભાગે આગામી બે દિવસ સુધી રાજ્યમાં તાપમાન ઊંચું રહેવાની આગાહી કરી છે. હવામાન ખાતાના વૈજ્ઞાનિક પ્રદીપ શર્મા એ જણાવ્યું કે આગામી 48 કલાકમાં રાજયના તાપમાનમાં મોટો ફેરફાર થવાની શક્યતા નહીવત્ છે. ત્યારબાદ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને લઈને મહત્તમ તાપમાનમાં 02 થી 04 ડીગ્રીનો ઘટાડો થવાની સંભાવના છે.

## (બાઈટ - પ્રદીપ શર્મા)

ગઇકાલે 45 ડિગ્રી મહત્તમ તાપમાન સાથે કંડલા રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. અમરેલી , રાજકોટ, સુરેન્દ્રનગરમાં 44 ડિગ્રી,અમદાવાદ, ડીસા અને ગાંધીનગરમાં 43 તથા કેશોદમાં 42 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. અમરેલીમાં ઓરેંજ એલર્ટના પગલે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકોને બપોરે એકથી ચાર બહાર ન નીકળવા અને ખેડૂતોને બપોર કામ ન કરવા સૂચના અપાઈ છે. રાજકોટ જિલ્લા ક્લેક્ટર પ્રભવ જોશીની અધ્યક્ષતામાં ગઇકાલે હીટવેવ સામેના એક્શન પ્લાનના મજબૂત અમલીકરણ અંગે બેઠક યોજાઈ હતી. જેમાં વધતી હીટવેવ સામે લડવા માટે વિવિધ સ્તરની સૂચનાઓ અપાઈ છે.

---

# SHAURY DIWAS

ભારતીય સુરક્ષા દળોના અદમ્ય સાહસ, શૌર્ય અને બલિદાનને સમર્પિત એવો આજે શૌર્ય દિવસ છે. દર વર્ષે ૯ એપ્રિલના રોજ સમગ્ર દેશમાં ગર્વભેર

મનાવવામાં આવતો આ દિવસ એ ઐતિહાસિક ઘટનાની યાદ અપાવે છે જ્યારે ૯ એપ્રિલ, ૧૯૬૫ના રોજ ગુજરાતના કચ્છના રણમાં આવેલી સરદાર પોસ્ટ પર કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ ની એક નાની ટુકડીએ પાકિસ્તાની સેનાની આખી બ્રિગેડ સામે બહાદુરીનો પરચો આપ્યો હતો.

પાકિસ્તાને ભારતીય વિસ્તાર પર કબ્જો જમાવવા ૯ એપ્રિલ ૧૯૬૫ના રોજ વહેલી સવારે 3:30 વાગ્યે , એક ઇન્ફન્ટ્રી બ્રિગેડે સરદાર પોસ્ટ પર હુમલો કર્યો. સરદાર પોસ્ટની સુરક્ષાની જવાબદારી સંભાળતા સી.આર.પી.એફ.ની બીજી બટાલિયનની 'ડી' કંપનીના આશરે ૧૫૦ જવાનોએ દુશ્મનોનો મક્કમતાથી સામનો કર્યો. આ યુદ્ધમાં સી.આર.પી.એફ.ના જવાનોએ પાકિસ્તાનના ૩૪ સૈનિકોને ઠાર માર્યા હતા અને ૪ સૈનિકોને જીવતા પકડ્યા હતા. જોકે , માતૃભૂમિની રક્ષા કરતાં સી.આર.પી.એફ.ના ૭ વીર જવાનોએ પોતાના પ્રાણની આહુતિ આપી અને શહીદ થયા, જ્યારે અન્ય કેટલાક જવાનો ઘાયલ થયા હતા.

શૌર્ય દિવસની ઉજવણીના ભાગરૂપે સી.આર.પી.એફ.ના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ગાંધીનગર ખાતે શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવશે.

---

# IPL

ઈન્ડિયન પ્રીમિયર લીગ -IPL T20 ક્રિકેટમાં, આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મેચ રમાશે.આ મેચ સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

ગઇકાલે ચંદીગઢમાં પંજાબ કિંગ્સે ચેન્નાઈ સુપર કિંગ્સને 18 રનથી હરાવ્યું.પ્રથમ બેટિંગ કરતા , પંજાબ કિંગ્સે પ્રિયાંશ આર્યના 42 બોલમાં 103 રન અને શશાંક સિંહના અણનમ 52 રનની મદદથી 20 ઓવરમાં 6 વિકેટે 219 રન બનાવ્યા હતા.જવાબમાં, ચેન્નાઈ સુપર કિંગ્સ 20 ઓવરમાં 5 વિકેટે 201 રન જ બનાવી શકતા તેનો પરાજય થયો હતો.

બીજી એક મેચમાં ,કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે લખનૌ સુપર જાયન્ટ્સે કોલકાતા નાઈટ રાઇડર્સને 4 રનથી હરાવ્યું હતું.પ્રથમ બેટિંગ કરતા , લખનૌએ મિશેલ માર્શ અને નિકોલસ પૂરનની અડધી સદીની મદદથી 20 ઓવરમાં 3 વિકેટે 238 રનનો સ્કોર બનાવ્યો હતો.જેના જવાબમાં કોલકાતા 20 ઓવરમાં 7 વિકેટે 234 રન જ બનાવી શકતા તેનો પરાજય થયો હતો.

---

# MADHAVPUR MELO

દ્વારકામાં રૂક્ષ્મણીજીના ગઇકાલે વિવાહ સંપન્ન થયા બાદ હવે દ્વારકામાં સત્કાર કાર્યક્રમ યોજાશે. જે માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે આવતીકાલે આ વિવાહની જાન દ્વારકા પહોંશે, અને શહેરના વિવિધ ૧૪ જેટલા સ્થળો પર શોભાયાત્રા નીકળશે. જે રૂક્ષ્મણી માતાજીના મંદિરે પૂરી થશે.

આ શોભાયાત્રા બાદ ૩૦૦ જેટલા કલાકારો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી ભગવાનના વિવાહ સત્કાર કાર્યક્રમને અદભૂત બનાવશે. અહી આવતા

**મુલાકાતીઓને કોઇપણ મુશ્કેલી ના પડે તે માટે 35 બસની વિશેષ સુવિધા પણ કરાઇ છે.**

**આ તકે , મંત્રીઓ સહિત ઉતર પૂર્વના રાજ્યોના મહાનુભાવો પણ ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે, માધવપુરમાં પણ હાલ વહીવટી તંત્ર દ્વારા ભવ્ય લગ્નોત્સવ ઉજવાઇ રહ્યો છે.**

---